અનુસૂચિત જાતિઓ / અનુસૂચિત જનજાતિઓ / સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગોની કુમારિકાઓના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરું યોજના.

...

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
( સમાજ કલ્યાણ પ્રભાગ )
ઠરાવ ક્ર : એસસીડબલ્યુ / ૧૦૯૧ / ૯૭૫ (૯૫) ર. ૪
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦-૧૦-૯૫.

વંચાણે લીધા :-

૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ( સ.ક.પ્રભાગ ) નો ઠરાવ ક્ર : એસસીડબલ્યુ / ૧૦૯૧ / ૬૪૫ / જ તા.૮-૫-૯૧

૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ( સ.ક.પ્રભાગ) નો તારીખ: ૧-૮-૯૧ નો ઠરાવ ક્ર : એસસીડબલ્યુ / ૧૦૯૧ / ૧૬૯૩ / જ

૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સ.ક.પ્રભાગ) નો ઠરાવ ક્ર : એસસીડબલ્યુ / ૧૦૯૧ / ૩૪૬૨ / જ તા. ૬-૧-૯૨

૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ( સ.ક.પ્રભાગ ) નો ઠરાવ ક્ર : એસસીડબલ્યુ / ૧૦૯૧ / ૯૭૫ / જ તા.૨-૫-૯૫

ઠરાવ :-

આમુખ ક્રમાંક : ૧ માં જણાવેલ તા. ૮-૫-૯૧ ના ઠરાવથી અનુસૂચિતજાતિના કુટુંબની એક કન્યાના લગ્ન પ્રસંગે મંગલસૂત્ર પેટે રૂા. ૧૫૦૦/- ની નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આમુખ ક્ર : ૪ માં જણાવેલ આ વિભાગના તા. ૨-૫-૯૫ ના ઠરાવથી અનુસૂચિત જાતિ માટેની મંગળસૂત્રની આ યોજનામાં ફેરફાર/ સુધારો કરીને રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ( મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો સિવાયના ) અનુસૂચિત જાતિ ; અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો / આર્થિક રીતે પછાતવર્ગો ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની કુમારિકાઓના લગ્ન પ્રસંગે મામેરા - મંગળસૂત્રની નવી યોજના હેઠળ રૂા.૫૦૦૦/- ની સહાય આપવાનું ઠરાવેલ છે. આ યોજના હેઠળ લાભાર્થીને રૂા.૫૦૦૦/- ની સહાય કઈ રીતે આપવી તે તથા આનુષંગિક બાબતો સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે હવે ' કુંવરબાઈનું મામેરું ' નામની નવી યોજના રાજ્યના સમગ્ર વિસ્તારમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને આર્થિક

15 NOV 1995

રીતે પછાતવર્ગોના ગરીબ કુટુંબના લાભાર્થીઓ માટે તા.૧-૫-૯૫ થી અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨ આ યોજના હેઠળ લાભાર્થીને એકમાત્ર રૂા.૫૦૦૦/- ની સહાય નીચે મુજબ ચૂકવવાની રહેશે.

૧. રૂા.૨૦૦૦/- કન્યાના મા- બાપ - વાલીને રોકડમાં, અને

૨. રૂા.૩૦૦૦/- કન્યાના નામે કિસાન વિકાસપત્રોના સ્વરુપમાં

૩. આ યોજનાનો લાભ નીચેની શરતોને આધીન આપવાનો રહેશે.

૧) આ યોજના માટે કુમારિકાના માતા / પિતા / વાલીની વાર્ષિક આવક રૂા.૭૫૦૦/- થી વધુ હોવી જોઇએ નહિ.

૨) આ યોજનાનો લાભ કુટુંબની પુખ્ત વયની એકજ કુમારિકાના લગ્ન પ્રસંગે મળવાપાત્ર રહેશે. પુનર્લગ્નના કિસ્સામાં આ લાભ મળવાપાત્ર રહેશે નહિ.

૩) આ યોજનાના લાભ માટે લગ્નના જરુરી આધાર / પુરાવા રજૂ કરવાના રહેશે. કન્યાના માતા - પિતા / વાલીએ આ યોજનાનો લાભ અગાઉ લીધેલ નથી. તેવી બાંહેધરી આપવાની રહેશે.

૪) અનુસૂચિત જાતિના કિસ્સામાં જે કુટુંબની એક કન્યાના લગ્ન પ્રસંગે એકવાર 'મંગળસૂત્ર યોજના' હેઠળ રૂા.૧૫૦૦/- ની નાણાંકીય સહાયનો લાભ અગાઉ મળી ગયેલ હોય તેજ કુટુંબની બીજી કન્યાને આ નવી યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહિ.

૫) આ નવી યોજના તા.૧-૫-૯૫ થી અમલમાં આવતી હોઇ, તા.૧-૫-૯૫ પહેલાની મંગળસૂત્ર યોજનાનો લાભ મળવા અંગેની અનુ.જાતિના લાભાર્થીઓની પડતર અરજીઓનો નિકાલ જૂની યોજનામાં દર્શાવેલ જોગવાઇ મુજબ કરવાનો રહેશે.

૬) આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા અરજદારે નિયત અરજીપત્રકમાં જરુરી વિગતો સહ અરજી કરવાની રહેશે. આ અંગેના અરજીપત્રક, એકરારનામા તથા બાંહેધરી પત્રકના નમૂના અનુક્રમે, પરિશિષ્ટ-૧, પરિશિષ્ટ-૨, અને પરિશિષ્ટ-૩ મુજબના રહેશે.

૭) આ યોજનાનો લાભ મેળવવા ઇચ્છતા લાભાર્થીએ, કુમારીકાએ લગ્ન કર્યાના એક વર્ષની અંદર/મુદત બહાર આવતી અરજીઓ સહાયને પાત્ર બનશે નહીં.

૮) કુમારિકાના પિતા / વાલી ના કુટુંબમાં બે બાળકોથી વધારે બાળકો હયાત હોય તેને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહિ.

સબંધિત અધિકારીને અરજી કરવાની રહેશે.

૯) લગ્ન કર્યાના પુરાવા માટે લગ્ન કર્યા અંગેનો દાખલો નીચેના પદાધિકારીઓ અધિકારીઓ પાસેથી મેળવીને અરજી સાથે જોડવાનો રહેશે.

| ક્રમ | વિસ્તાર | દાખલો આપનાર પદાધિકારી / અધિકારી |
| --- | --- | --- |
| ૧) | ગ્રામ પંચાયત | તલાટી - કમ - મંત્રી / સરપંચ |
| ૨) | નગર પંચાયત | જે તે નગરપંચાયતના સેક્રેટરી / પ્રમુખ, નગરપંચાયત |
| ૩) | જીલ્લા મથકે આવેલ મ્યુનિસિપલ વિસ્તારો તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારો તથા નોટીફાઇડ વિસ્તારો. | સમાજ કલ્યાણ નિરીક્ષક |
| ૪) | જિલ્લા મથક સિવાયના મ્યુનિ. વિસ્તારો. | સંબંધિત નગરપાલિકાના ચીફ ઓફિસર / સુધરાઇના સભ્ય |

૧૦) નવપરણિત દંપતીએ સરકારશ્રીની કુટુંબનિયોજનની નીતિને અનુસરશે તેવું સંમતિપત્ર આપવાનું રહેશે.

૪. આ યોજના અંગે જે તે જાતિ માટે વર્ષ ૧૯૯૫-૯૬ ના અંદાજપત્ર માં વિભાગ-૧ ની નવી બાબત તરીકે કરવામાં આવેલ નાણાકીય જોગવાઇને વહીવટી મંજુરી આપવા અંગેના હુકમો અલગ રીતે કરવામાં આવશે.

આ અંગેનું ખર્ચ અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક રીતે પછાતવર્ગના સંબંધિત બજેટ સદરે પાડવાનું રહેશે અને ચાલુ વર્ષની પ્લાન સીલીંગની મર્યાદામાંથી મેળવવાનું રહેશે.

૫. આ હુકમો સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા. ૨૮-૬-૯૫ ની નોંધથી નાણા વિભાગની સંમતિ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ટી.સી.એ. રંગદુરાઇ
( ટી. સી. એ. રંગદુરાઇ )
અધિક મુખ્ય સચિવ
સમાજ કલ્યાણ અને આદિજાતિ
વિકાસ વિભાગ
( સમાજ કલ્યાણ પ્રભાગ )

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી,

માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,

માન. મંત્રીશ્રી, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી,

માન. મંત્રીશ્રી (રા.ક.), સા.શૈ.પ.વ. કલ્યાણના અંગત સચિવશ્રી,

માન. નાયબ મંત્રીશ્રી, સમાજ કલ્યાણના અંગત સચિવશ્રી,

અન્ય તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ,

નિયામકશ્રી, સમાજ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નિયામકશ્રી, આદિજાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર.

અનુસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નાણાં સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ, ગાંધીનગર.

નાયબ સચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગ.

વિભાગની અન્ય સર્વે શાખાઓ.

વિભાગ હેઠળના અન્ય તમામ ખાતાના વડાઓ/બોર્ડ/નિગમ.

એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

હિસાબ અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ.

સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિકસતી જાતિ)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત.

સચિવાલયના તમામ વહીવટી વિભાગો.

સીલેક્ટ ફાઈલ 'જ' શાખા.